# સંકલીત ખેતી પધ્ધતિ

ડૉ. પી. જે. ગોહિલ, ડો. પી. કે. ચોવટીયા,શ્રી એલ. કે. મોકરીયા અને પી.ડી.કુમાવત

કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

---

**પ્રસ્તાવના**

હાલનાં સમયમાં પૃથ્વી ઉપર વસ્તીનું પ્રમાણ ઝડપથી વધી રહયું છે, જયારે વ્યકિત દીઠ જમીનનો વિસ્તાર ઘટી રહયો છે.આવી પરિસ્થિતિમાં મનુષ્યો અને પ્રાણીઓની રોજીંદી જરૂરીયાતને પહોંચી વળવા એકમ વિસ્તારમાં ખેત ઉત્પાદન વધારવું ઘણું જરૂરી છે.હાલમાં ખેડૂતોએ વધુમાં વધુ પાક ઉત્પાદન મેળવવા જ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરેલ છે અને તેના માટે ખેત સામગ્રી (ઈનપુટસ) જેવીકે રાસાયણીક ખાતરો, જંતુનાશક, ફુગનાશક, નિંદામણનાશક દવાઓ, વૃધ્ધિ વર્ધકો–નિયંત્રકો અને પિયત પાણીનો વધુ પડતો ઉપયોગ કરતો થયો છે. જેને લીધે ઉત્પાદન વધ્યું છે,સાથે સાથે ખેડૂત બાહય ખેત સામગ્રી પર વધુ આધાર રાખતો થવાથી ખેતી ખર્ચ વધ્યો છે. તેથી આવકમાં અને રોજગારીની તકોમાં અચોકકસતા ઉભી થઈ છે. વળી જમીન અને વાતાવરણમાં પ્રદુષણ વધ્યુ છે. મનુષ્ય અને પ્રાણીઓની તંદુરસ્તીના પ્રશ્નો પણ ઉદ્‌ભવ્યા છે.

આ બધા પ્રશ્નોનું નિરાકરણ સંકલિત ખેતી (Integrated Farming System)આપી શકે તેમ છે અને તે આજના સમયની માંગ પણ છે. વિવિધ કૃષિ વ્યવસાયો દા.ત. પાક ઉત્પાદન, બાગાયત, પશુપાલન, મત્સ્ય ઉછેર, વનીકરણ વગેરેના સમન્વયની કૃષિ અર્થતંત્રમાં વિપુલ તકો રહેલી છે. આ વ્યવસાયો ખેડૂતની આવક વધારવા ઉપરાંત કુટુંબને રોજગારી પણ પુરી પાડે છે.

## સંકલીત ખેતી પધ્ધતિ એટલે શું?

- સંકલિત ખેતીની જુદી જુદી વ્યાખ્યા છે. કુદરતી સંશાધનો (Natural Resources) જાળવી રાખી, પર્યાવરણની જાળવણી થાય અને ખેત ઉત્પાદન વધારવા માટે જરૂરી સંશાધનોનુંયોગ્ય આયોજન કરવામાં આવે તેને સંકલિત ખેતી કહેવામાં આવે છે.
- સંકલિત ખેતીએ ખેતી સાથે સંલગ્ન જુદાં જુદાં ઘટકો જેવાકે પાક પધ્ધતિઓ, પશુપાલન,મત્સ્ય પાલન, ખેતવન, મરઘાં પાલન, બતકાં પાલન, ડુકકર ઉછેર, રેશમના કીડા ઉછેર, મશરૂમ, મધમાખી ઉછેર વિગેરેનો સમન્વય છે કે જેનાં યોગ્યત્તમ ઉપયોગ દ્વારા ખેડૂતોનું જીવન ધોરણ ઉંચુ લાવી અને કુદરતી સંશાધનોનો બગાડ થતો અટકાવી શકાય.
- સંકલીત ખેતી પધ્ધતિ એટલે ઉપલબ્ધ સંશાધનોના વ્યવસ્થાપનની વ્યુહ રચના એવી રીતે ગોઠવવી કે જેથી કૃષિ ઉત્પાદન અને આવક ટકાવી, ખેડૂતો પોતાના જીવન નિર્વાહની જુદી જુદી જરૂરીયાતો સંતોષી શકે સાથે સાથે સંશાધનોની જાળવણી અને વાતાવરણની ગુણવતા ટકાવી રાખે તેવી ખેતી પધ્ધતિને સંકલીત ખેતીપધ્ધતિ કહેવામાં આવે છે. આમ, સંકલીત ખેતી પધ્ધતિ એટલે પુખ્ત વિચારણાથી એકમ જમીનમાં ખેતી પાકો સાથે પશુપાલન, શાકભાજી, બાગાયતી, ફુલો, મત્સ્ય, મરઘાં–બતકા પાલન, રેશમના કીડા ઉછેર, મશરૂમની ખેતી વગેરેનો સમાવેશ કરી વધારે કુલ ઉત્પાદન અને આવક મેળવવાની સાથે સાથે કુદરતી સ્ત્રોતોની જાળવણી કરી વાતાવરણની ગુણવતા ટકાવી અથવા સુધારવાની પધ્ધતિને સંકલીત ખેતી પધ્ધતિ કહી શકાય.




## સંકલીત ખેતી પધ્ધતિની હાલના સંજોગોમાં જરૂરીયાત

- દેશમાં અંદાજે ૮૦ ટકા ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે
- સૌરાષ્ટ્ર જેવા વિસ્તારમાં ઓછા અને અનિયમિત વરસાદના ધાર્યા પ્રમાણેનું ઉત્પાદન અને વળતર મળતું નથી.
- છેલ્લા થોડા વર્ષોમાં જમીનમાંથી વધુ પ્રમાણમાં પોષક તત્વોનો ઉપાડ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓના ભાવ વધારાથી, પાક કાપણી પછીની પ્રક્રિયાઓનો અભાવ, બજારભાવની અનિયમિતતા અને હવામાનમાં અણધાર્યા ફેરફારોથી ઘણા બધા પાકોની ઉત્પાદકતામાં ઘટાડો અથવા સ્થિરતા આવી છે.
- ખેડૂતો સંકલીત ખેતી પધ્ધતિ અપનાવી પાક સાથે ખેતીને સંલગ્ન વ્યવસાય જેવાકે, પશુપાલન, શાકભાજી, બાગાયતી, ફુલ પાકો, મધમાખી ઉછેર, વગેરેને સ્થાનિક આબોહવા, ઉપલબ્ધ જમીન, પાણી અને ખેડૂતની આર્થિક સ્થિતિને ધ્યાને લઈ જો ખેતી સાથે ખેતીને સંલગ્ન અન્ય વ્યવસાથ અપનાવે તો પાક નિષ્ફળ જવાનું જોખમ ઘટાડી, વધુ આર્થીક વળતર અને વર્ષ દરમ્યાન રોજગારી મેળવી, કુદરતી સંશાધનો નો મહતમ ઉપયોગ કરી શકાય.
- સંકલીત ખેતી પધ્ધતિ અપનાવતા ખેડૂતોની પોતાના જીવન નિર્વાહ માટેની મોટાભાગની જરૂરીયાતો સંતોષાય
- ઔદ્યોગિકરણ, વ્યાપારીકરણ, સ્થાનિક આબોહવા અને યાંત્રિકરણને લીધે ખેતીમાં ફકત એકજ પાક લેતા થયા
- મોટા શહેરની આજુબાજુ પશુપાલન, શાકભાજી, ફુલોની ખેતી કરવાથી ખેડૂતો વધુ આર્થિક વળતર મેળવી શકયા

- દિન પ્રતિદિન જમીનના ટુકડા થવાથી વિભકત કુટુંબો તથા વધારેમાંવધારે ખેડૂતો ખેતીને ઓછું મહત્વ આપવાથી ફકત એકજ પાક લેવાથી પાક નિષ્ફળ જવાનું જોખમ વધ્યુ
- ખેડૂતોની પોતાની જીવન નિર્વાહ માટેની જરૂરીયાતો પણ ન સંતોષાવાથી સંકલિત ખેતી પધ્ધતિની જરૂરીયાત ઉભી થઈ છે.

**સંકલિત ખેતીનાં ઉદેશો**

- ખેતરની કુલ આવકમાં વધારો કરવો.
- ખેડૂતોનું જીવન ધોરણ ઉચુ લાવવું.
- ખેતી અને સંલગ્ન વ્યવસાયોની ખેત પેદાશ અને અવશેષોનો અસરકારક પુનઃ ઉપયોગ કરવો.
- ખેતરમાં બહારની ખેત સામગ્રીનો ઉપયોગ ઘટાડવો.
- પાકની ઉત્પાદકતા તથા જમીનની તંદુરસ્તી જાળવવી.
- રોજગારીની તકો વધારવી.
- સમગ્ર વર્ષ દરમ્યાન નિયમિત આવકનો પ્રવાહ ચાલુ રાખવો

**સંકલીત ખેતી પધ્ધતિના મુખ્ય ફાયદાઓ**

૧. સંકલીત ખેતી પધ્ધતિથી એકમ જમીન વિસ્તાર માંથી કુલ વધારે આર્થિક ઉત્પાદન મેળવી શકાય.

૨. ખેતી પાક અને સંલગ્ન વ્યવસાયની મુખ્ય અને ગૌણ પેદાશોનો ઉપયોગ એક બીજા વ્યવસાયમાં થતો હોવાથી ઉત્પાદન ખર્ચ ઘટે અને વધારે વળતર મેળવી શકાય છે.

૩. ખેતી પાક સાથે પશુપાલન જેવા વ્યવસાયથી પાકની ગૌણ અને મુખ્ય પેદાશને પશુ આહારમાં ઉપયોગ કરવાથી ઉચ્ચ ગુણવતા વાળું સેન્દ્રિયખાતર બનાવી જમીનની ફળદ્રુપતા વધારી ઉત્પાદકતા લાંબા સમય સુધી જાળવી શકાય

૪. **સમતોલ આહાર :**સંકલિત ખેતીમાં જુદાં જુદાં એકમોનો સમન્વય કરાતો હોવાથી જુદાં જુદાં ઘટકોમાંથી પ્રોટીન, કાર્બોહાઈડ્રટસ, ચરબી, મીનરલ્સ, વિટામીન્સ વિગેરેથી સમૃધ્ધ પોષણ યુકત સમતોલ આહાર મળી રહે છે.

૫. **પર્યાવરણ બગડતું અટકાવી શકાય છે**
એક ઘટકમાંથી નિકળતી આડ પેદાશનો બીજા ઘટક માટે પુનઃ ઉપયોગ થવાથી પર્યાવરણ બગડતું અટકાવી શકાય છે. છાણીયા ખાતરના વપરાશથી રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો થવાથી મિથેન વાયુનું હવામાં ઉત્સર્જન થતું અટકે. સેન્દ્રિય પદાર્થો અને પાક અવશેષોનો ઉપયોગ થવાથી કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન ઓછું કરી શકાય, આમ વૈશ્વિક ઉષ્મીકરણ અટકાવી શકાય.

૬. **આડ પેદાશનો પુનઃ ઉપયોગઃ** એકબીજા ઘટકની આડ/ગૌણપેદાશનો અસરકારક પુનઃ ઉપયોગ કરી શકાય છે.

૭. **સમગ્ર વર્ષ દરમ્યાન આવક**–ખેત પેદાશ, ફળ–શાકભાજી, દૂધ, ઈંડા, માંસ, માછલી, મશરૂમ, મધ વિગેરેના વેચાણ દ્વારા જુદાં જુદાં ઘટકોમાંથી આખુ વર્ષ આવકનો પ્રવાહ સતત ચાલુ રહે છે. ઉપરાંત ગ્રીનહાઉસ ટેકનોલોજી દ્વારા જે તે પાકની ઋતુ સિવાય તેમજ વિપરીત હવામાન પરિસ્થિતિમાં પણ ઉત્પાદન મેળવી શકાય છે.ખેતી અને ખેતીને પુરક વ્યવસાય માંથી આખા વર્ષ દરમ્યાન ખેડૂત રોજગારી અને આવક મેળવી શકે. નાના અને સીમાંત ખેડૂતો આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી વધુ આવક મેળવી શકે.

૮. પાકના અવશેષોનો અન્ય સંલગ્ન વ્યવસાયમાં પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવાથી સારી ગુણવતા વાળા સેન્દ્રિય ખાતરો જમીનમાં ઉમેરવાથી, રાસાયણિક ખાતરો, જંતુનાશક અને નિંદામણનાશક દવાનો વપરાશ ઘટાડી, વાતાવરણ, પાણી અને જમીનમાં પ્રદુષણનું પ્રમાણ ઘટાડી શકાય તથા સારી ગુણવતાવાળું ઉત્પાદન મેળવી શકાય. આ પધ્ધતિમાં બાયોગેસ અને જૈવિક બળતણના ઉપયોગથી થોડા ઘણા અંશે વીજળી અને ખનીજ તેલનો બચાવથઈ શકે.


૯. ચારાની અછત નિવારી શકાય છેઃ સંકલિત કૃષિમાં ખેતરની દરેક ઈંચ જગ્યાનો અસરકારક ઉપયોગ કરવામાં આવે છે અને તેમાં બહુવર્ષાયુ તથા વિવિધલક્ષી ઝાડ,ખેતી પાકોની ગૌણ પેદાશ, ધાન્ય તથા કઠોળનો ચારો, શેઢાપાળા અને તળાવડા ઉપર ચારો આપે તેવા ઝાડનું વાવેતર કરી ચારાની અછત નિવારી શકાય છે. ખેતીની જમીનનો પુરેપુરી કાર્યક્ષમતાથી ઉપયોગ થવાથી શેઢાપાળે ઘાસચારા તથા ચારા માટે કઠોળ વર્ગના વૃક્ષોનું વાવેતર કરવાથી તીવ્ર અછતના સમયે પશુ માટે ઘાંસચારાની તંગી હળવી થાય છે સાથે સાથે જમીનની ફળદુપતા સુધારી શકાય અને નાના પાયે કૃષિ ઉદ્યાગનો વિકાસ થવાથી વધુ આર્થિક વળતર મળવાથી અને સારા સંતુલીત ખોરાક ધ્વારા ખેડૂતોનું સરાસરી જીવન ધોરણ પણ સુધરે છે

**૧૦. બળતણઃ** ખેતવન દ્વારા બળતણ અને ઈમારતી લાકડાની અછત નિવારી શકાય છે.

**૧૧. રોજગારીની તકોમાં વધારોઃ** ખેતી સાથે પશુપાલન અને બીજા ઘટકોનો સમન્વય કરવાથી નાનાં તથા સિમાંત ખેડૂતના કુટુંબના દરેક સભ્યો તેમજ બહારના માણસોને સમગ્ર વર્ષ દરમ્યાન રોજગારીની તકો ઉભી થઈ શકે છે.

**૧૨. કૃષિ સંલગ્ન ઉધોગોનો વિકાસઃ** ખેતી સાથે સંકળાયેલ ઉધોગોનો સારી રીતે વિકાસ થઈ શકે છે. દા.ત. ડેરી ઉધોગ, કાપડ ઉધોગ, ખાંડ ઉધોગ વિગેરે.

**૧૩. ખેડૂતોનું જીવનધોરણ ઉંચુ લાવી શકાય છેઃ** રોજગારીની પુરતી તકો તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન આવકને કારણે જીવન જરૂરીયાત ચીજવસ્તુની લભ્યતાને કારણે ખેડૂતોનુંજીવનધોરણ ઉંચુ આવે છે.



Integration pathway in Ecological farming system

**ખેત આબોહવાકીય પરિસ્થિતિ મુજબ જુદાં જુદાં ઘટકોનું સંકલન :**

- સંકલિત કૃષિમાં પાક, પશુધન, પક્ષીઓ અને ઝાડ એ મુખ્ય ઘટકો છે. પાકના પેટા ઘટકોમાં એકલ પાક, મિશ્ર પાક, આંતરપાક, રીલે પાક, બહુમાળી પાક પધ્ધતિ, પાકની ફેરબદલી, પાક વૈવિધ્યતા, ધાન્ય, કઠોળ, તેલીબિયાં, મરી–મસાલાં, શાકભાજી, કીચન ગાર્ડન, ઘાસચારાના પાકો વગેરેનો સમાવેશ થાય છે.
- પશુધનના પેટા ઘટકોમાં દુધાળ ગાયો, ભેંસો, બકરાં, ઘેટાં, ઘોડા, સસલાં, ડુકકર, વગેરેનો સમાવેશ થાય છે.
- પક્ષીના પેટા ઘટકોમાં મરઘાં, બતકાં, બટેર, કબુતર, એમુ વગેરે
- જયારે ઝાડના પેટા ઘટકોમાં ઈમારતી, જલાઉ, ચારો તથા ફળ આપતાં ક્ષુપો–વૃક્ષોનો સમાવેશ થાય છે.
- આ સિવાય ખાસ ઘટકોમાં રેશમકીડા ઉછેર, મત્સ્ય ઉછેર, મશરૂમ, મધમાખી ઉછેર, વર્મીકંપોષ્ટ વગેરેનો સમાવેશ થાય છે.
- સુક્ષ્મ પિયત તથા ગ્રીનહાઉસ ટેકનોલોજીનો જે તે ઘટક સાથે સમન્વય કરી શકાય.

- આ જુદાં જુદાં ઘટકોનો ખેત આબોહવાકીય પરિસ્થિતિ મુજબ યોગ્ય સંકલનનું જ્ઞાન ખુબજ જરૂરી છે કે જેથી એક ઘટકની આડ પેદાશ બીજા ઘટકની આવશ્યક જરૂરીયાત બની રહે. જેથી કોઈપણ જાતનો નકામો કચરો નીકળે નહીં અને પર્યાવરણ બગડે નહી. સંકલિત ઘટકો એકબીજાને પરસ્પર પૂરક હોવા જોઈએ.

સામાન્ય રીતે ત્રણ પ્રકારની ખેત આબોહવાકીય પરિસ્થિતિ જોવા મળે છે.

- (૧) સુકીખેતી
- (૨) પિયત ખેતી અને
- (૩) વધારે વરસાદવાળી ખેતી.
- જે તે વિસ્તારની આબોહવા, જમીન અને બજારની માંગ પ્રકારે જુદાં જુદાં ઘટકોનો સમન્વય કરવામાં આવે છે.

**ખેત આબોહવાકીય પરિસ્થિતિ મુજબ ઉપયોગમાં લેવામાં આવતાં ઘટકો**

| વધારે વરસાદવાળો વિસ્તાર | પિયત ખેતી | સુકી ખેતી |
|---|---|---|
| પાક પધ્ધતિ | પાક પધ્ધતિ | પાક પધ્ધતિ |
| મત્સ્ય ઉછેર | દૂધાળ ગાયો | બકરાં, ઘેટાં |
| મરઘાં | ભેંસ | ખેતવન, ખેત તલાવડી |
| બટેર | બાયોગેસ, ગ્રીનહાઉસ, સુક્ષ્મ પિયત | બાગાયત |
| બકરાં | મત્સ્ય ઉછેર | ઝાડ |
| બતકાં | મશરૂમ | બટેર |
| ડુક્કર | હોમસ્ટેડ ગાર્ડન | સસલાં |
| મશરૂમ, મધમાખી ઉછેર | રેશમકીડા ઉછેર, મધમાખી ઉછેર | ગ્રીનહાઉસ, સુક્ષ્મ પિયત |
| ઘાસચારો | પાક અને ઝાડનો સમન્વય | મત્સ્ય ઉછેર |







**સંકલિત ખેતી માટે ઘટકોની પસંદગી અને તેનાં કદને અસર કરતાં પરિબળો**

| | |
|---|---|
| ૧. | જે તે સ્થળ/વિસ્તારની જમીન અને હવામાનની લાક્ષણિકતા |
| ૨. | ખેડૂત પાસે જમીન, પિયત તથા અન્ય સંશાધનોની ઉપલબ્ધતા |
| ૩. | ખેડૂતના કુંટુંબની સભ્ય સંખ્યા |
| ૪. | કુદરતી સંશાધનોનો પ્રવર્તમાન ઉપયોગ |
| ૫. | હાલની ખેત પધ્ધતિમાંથી મળતી આવક/વળતર |
| ૬. | પ્રસ્તાવીત સંકલિત ખેતીનું અર્થકરણ |
| ૭. | ખેડૂતની વ્યવસ્થાપન ક્ષમતા, જ્ઞાન, કૌશલ્ય અને આવડત |
| ૮. | ખેત મજુર, ખેત સામગ્રી અને મશીનરીની ઉપલબ્ધતા |
| ૯. | સંગ્રહ, પરિવહન અને બજાર વ્યવસ્થા |
| ૧૦. | ધિરાણ મળવાની સગવડતા |
| ૧૧. | કૌટુંબિક–સામાજિક–આર્થિક પરિસ્થિતિ |
| ૧૨. | પ્રવર્તમાન રીત–રીવાજો, ધાર્મિક લાગણીઓ અને માન્યતાઓ |

**સંકલીત ખેતી પધ્ધતિ દ્રારા વાતાવરણમાં પ્રદુષણ કઈ રીતે ઘટાડી શકાય ?**

સંકલીત ખેત પધ્ધતિમાં જુદા–જુદા ઘટકોના મુખ્ય અને ગૌણ પેદાશનો ઉપયોગ અન્ય ઘટકો દવારા થાય છે,બાગાયતી પાકો તથા વનીય પાકોનો સમાવેશ થતો હોવાથી જમીન, પાણી અને હવાના પ્રદુષણમાં ઘટાડો થઈ શકે છે.

**સંકલીત ખેતી પધ્ધતિ દવારા ખેડૂતોના જીવન ધોરણ તથા આરોગ્ય ઉપર શું અસર**

સંકલીત ખેતી પધ્ધતિમાં ધાન્ય પાકો, કઠોળ પાકો, તેલીબીયાના પાકો, શાકભાજી, ફળપાકો, પશુપાલન વગેરે ઘટકોનો સમાવેશ થતો હોવાથી દૈનિક આહારમાં પોષણ યુકત ખોરાક લેતા હોવાથી થોડાઘણા અંશે આરોગ્યના પ્રશ્નો પણ ઘટે છે.આ ઉપરાંત,સંકલીત ખેતી પધ્ધતિમાં ધાન્ય પાકો સાથે કઠોળ વર્ગના, તેલીબીયાના તથા રોકડીયા પાકો, શાકભાજી તથા બાગાયતી પાકોનો સમાવેશ કરવાથી ખેડુતને વર્ષ દરમ્યાન રોજગારી મળી રહે છે અને વધુ આવક મળવાથી જીવન ધોરણ ઉચું આવી શકે.

**સંકલિત ખેતીના વિકાસની તકો**

**૧.ઉત્પાદન ખર્ચમાં ઘટાડો :** હાલના સંજોગોમાં ખેત સામગ્રીની કિંમતો ઘણી ઉચી જઈ રહી છે. ત્યારે સંકલિત ખેતી અપનાવવાથી એક ઘટકની આડપેદાશ બીજા ઘટકમાં વાપરી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી શકાય તેમ છે.

**ર. વધારે નફો:** સંકલિત ખેતીના ઘટકો પરસ્પર પૂરક હોવાથી ખર્ચ ઓછો કરી શકાય છે તેમજ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થવાથી નફાનો ગાળો વધારી શકાય છે.

**૩.પર્યાવરણની જાળવણી:** આજે ખેત પેદાશોના ઉત્પાદનકર્તા, વપરાશકર્તા તેમજ તેનું નિયમન કરનારમાં પર્યાવરણ અંગે ખુબજ જાગૃતિ આવેલ છે. સંકલિત ખેતી થી પર્યાવરણ જાળવવાની ઉત્તમ તકો રહેલી છે.

**૪.ખેત પેદાશના ઉચા બજાર ભાવો:** ખેત પેદાશો અને તેના પૂરક વ્યવસાયમાંથી ઉત્પાદિત ચીજોની દેશ અને દુનિયામાં નવા અને મજબુત બજારો ઉભા થયાં છે. જેથી ઉત્પાદિત માલના સારા ભાવો મળવાની ઉત્તમ તકો રહેલી છે.

**પ.ખેત પેદાશનું વધુ ઉત્પાદન:** હાલમાં સંકલિત ખેતીનો વ્યાપ ઓછો છે. જો દરેક જીલ્લામાં આ પધ્ધતિ અપનાવવામાં આવે તો ખેત પેદાશોનું ઉત્પાદન ઘણું વધારી શકાય છે.

**૬.એકમ વિસ્તારમાં સંકલિત ખેતી:** ખાસ અગત્યની વાત એ છે કે હવે જમીનનો વાવેતર વિસ્તાર વધારી શકાય તેમ નથી, પરંતુ એકમ વિસ્તારમાં ઉત્પાદન વધારવા માટે સંકલિત ખેતી જ તેમાં સહાયરૂપ થઈ શકે તેમ છે.

આ પરિસ્થિતિમાં સંકલિત ખેતી અપનાવવાની ઉત્તમ તકો રહેલી છે.

====xxx====